## અરજી પહોંચ

મેલ્કતનું વર્ણન રે સ નં 86 ની ખેતીની જમીન

Search in : અંજાર/ANJAR

પહોંચ નંબરઃ ૨૦૧૭૦૪૭૦૧૨૨૬૧ અરજી નંબરઃ ૫૭૫૯ અરજી વર્ષ: ૨૦૧૭

તાઃ ૧૦ માહેઃ ઓગસ્ટ સનેઃ ૨૦૧૭

રજુ કરનારનું નામ **N.R. Joshi Adv**

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........ | ૦ |
| શેરોની નકલ કરવા માટે ફી........ | |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | ૦ |
| Year : ૧૯૯૩ ૨૦૧૭ | |
| શોધ અગર તપાસણી........ | ૧૩૫ |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | ૦ |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |
| આ સિવાયની બાબતોની ફી | |

| કુલ એકંદરે રૂ. | ૧૩૫ |
|---|---|

અંકે રૂપીયા એકસો પાંત્રીસ પુરા.

દસ્તાવેજ
------------ ના દિવસે તૈયાર થશે અને
નકલ

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં
------------ આવશે.
કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

( R B Gohil )
સબ રજીસ્ટ્રાર
અંજાર

OF THE SUB-REGISTRAR ANJAR

તારીખ ૧૦/૮/૨૦૧૭ ૧૧:૧૯:૧૦ am

IGR-NIC 7471655438929975367

*N.R. Joshi*
*B.A. LLB,(Spl.)*
*Advocate*
*Gujarat High Court.*

*Municipal Complex,*
*Ground Floor,*
*Shop No. 36,*
*New Anjar- Kutch*
*370110*
*Phone(O.)(02836)- 242723*

Dt :- 14/08/2017

## ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ

કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના અંજારની સીમમાં સવારસના નાકા બહાર અંજારથી નાગલપુર તરફ જતા માર્ગની દક્ષિણે મિસ્ત્રી બોર્ડીંગની બાજુમાં, મ્યું. હદની અંદર આવેલ વાડી નામે 'કારણી વાડી' રે.સ.નં. ૮૯, જમીન એકર ૪-૨૫ ગુંઠા તે હે. ૧-૮૭-૧૭ પ્રતીઆરે વાલી આવેલ છે, સદર વાડીની જમીનમાં ૬/૭ મકાનો ત્થા આંગણાની હદની જમીન એકર ૦-૧૫ ગુંઠા તે સિવાયની ખેતીની જમીન એકર ૪-૧૦ ગુંઠા તે હે. ૧-૭૧-૯૯ પ્રતીઆરે વાલી વાડી આવેલ છે, તેમજ સદરહું વાડી રહેણાકના હેતુ માટે બીનખેતીમાં તબદીલ થયેલ છે. જેમાં કુલ પ્લોટ નં. ૧ થી ૭૫, પાડવામાં આવેલ છે. જે બિનખેતી જમીનનો પુર્વ ઈતિહાસ નીચે મુજબ છે.

(૧) કચ્છ જીલ્લાના અંજાર તાલુકાના શહેર અંજાર સીમનાં જુના રે.સ.નં. ૭૮૫, જમીન એકર ૨-૧૯ ગુંઠા ત્થા રે.સ.નં. ૭૮૬, જમીન એકર ૨-૦૫ ગુંઠા બન્નેંની મળી કુલ જમીન એકર ૪-૨૪ ગુંઠા વાલી વાડી તેમાં નવાણ-કુવો, એક કોસનો હતો, તેમજ મશીન માટેની ઓરડી ત્થા રહેણાકના મકાનો તે રીતેની આ વાડી હરીદાસ રણછોડદાસ ત્થા કરશનદાસ રણછોડદાસ, એમ ભાઈઓના સયુંક્ત કુટુંબની તેમના કબ્જા ભોગવટાની વગર વહેંચણી થયેલ, મિલ્કત તેમના બન્નેંને અંગત કક્ષાએ તમેના સગીર પુત્રો જેઠાલાલ હરીદાસ, હંશરાજ કરશનદાસ ત્થા લક્ષ્મીદાસ કરશનદાસના વાલી તરીકે ત્થા તેઓ બન્નેં ભાઈ હરીદાસ રણછોડદાસ ત્થા કરશનદાસ રણછોડદાસના સયુંક્ત પણાની મિલ્કત તમેના કુટુંબના તેઓ બન્નેં કર્તા હોતાં તે દરજજે તેમની સંપુર્ણ માલિકી પણાની હતી,

(૨) ઉપરોકત બન્નેં ભાઈઓ મુંબઈ મધ્યે તા. ૨૧/૭/૧૯૫૬, ના નોંધાયેલ દસ્તાવેજથી હરીદાસ રણછોડદાસ ના મુખત્યાર હીરજી હરીદાસ ત્થા કરશન રણછોડદાસના મતાથી મેં. ડુંગરશી જાદવજી કું. મુંબઈને વેંચાણ આપેલ, જે અંગેનો મુંબઈ સ.ર.કચેરીમાં રજી. નં. ૪૫૭૩/૫૬, તા. ૨૪/૭/૧૯૫૬, ના નોંધાયેલ દસ્તાવેજથી મેં. ડુંગરશી જાવદજીને વેંચાણ આપેલ, અને તે રીતે સદરહું વાડીની માલિકી ડુંગરશી જાવદજી એન્ડ કું. ભાગીદારી પેઢીના ભાગીદારો ડુંગરશી જાદવજી ત્થા જેઠાલાલ વીરજી ની થયેલ અને તેઓ પાસેથી ઠકકર જાદવજી શીવજીએ ભાગીદારી પેઢીના ભાગીદરો ડુંગરશી જાદવજી ત્થા જેઠાલાલ વરજીના મતાથી નોંધાયેલ દસ્તાવેજથી વેંચાણ આવેલ અને તે રીતે આ મિલ્કતના માલિક ઠકકર જાદવજી શીરવજી થયેલ અને મહેસુલી દફતરે નોંધ નં. ૧૬૮, થી તેમના હકકે નોંધાયેલ અને ખાતા નં. ૩૫૦, માં આ ખેતીની જમીન તેમના નામે ચાલતી.

કૃપયા પાના નં. : ૨ : જુઓ

N. R. JOSHI
Advocate

*N.R. Joshi*
*B.A. LLB,(Spl.)*
*Advocate*
*Gujarat High Court.*

ADVOCATE

*Municipal Complex,*
*Ground Floor,*
*Shop No. 36,*
*New Anjar- Kutch*
*370110*
*Phone(O.)(02836)- 242723*



જાદવજી શીવજી ઠકકરનું અવસાન થતાં તેમની પાછળ તેમના એકમાત્ર વારસ વિધવા લક્ષ્મીબાઈના કબ્જામાં આ વાડી વારસઈ હકકે આવેલ અને તેમના નામે વારસઈ હકકે નોંધ નં. ૧૩૪૭ થી નોંધાયેલ,

(૩) ત્યાર બાદ ઠકકર જાવદજી શીવજીના વારસ વિધવા લક્ષ્મીબાઈ પાસેથી સોરઠીયા વીરજી જેઠા ચોટારા ત્થા સોરઠીયા હીરજી જેઠા ચોટારાએ આ વાડી સયુંકત હકકેથી એક સરખી રકમનું રોકાણ કરી અંજાર સ.ર.કચેરીમાં ૧ નંબરની બુકના ૧૫૩ નંબરના વોલ્યુમમાં ૭૧ થી ૭૮ પૃષ્ઠે રજી. નં. ૨૯૪, તા. ૨૧/૫/૧૯૭૧, ના નોંધાયેલ લેખથી લક્ષ્મીબાઈ જાદવજીના મુખત્યાર મંગલજી પુરૂષોતમના મતાથી વેંચાણ લિધેલ અને તે રીતે આ વાડીના માલિક સોરઠીયા વીરજી જેઠા ચોટારા ત્થા સોરઠીયા હીરજી જેઠા ચોટારા થયેલ, અને મહેસુલી દફતરે હકક પત્રક નોંધ નં. ૧૪૪૬, થી બન્નેંના સયુંકત નામે નોંધાયેલ,

(૪) અંજાર શહેરનું માપણીનું નવું દફતર તૈયાર કરવામાં આવેલ ત્યારે નવા હકકપત્રક પ્રોમલગેશનની નોંધ નં. ૫૧, વાલીથી આ વાડી 'કારાણી' રે.સ.નં. ૮૬, ક્ષેત્રફળ એકર ૪-૨૫ ગુંઠા વાલી સોરઠીયા વીરજી જેઠા ચોટારા ત્થા સોરઠીયા હીરજી જેઠા ચોટારાના સયુંકત નામે નોંધાયેલ અને ખાતા નં. ૫૦, માં બન્નેંના સયુંકત નામે આ વાડી ચાલતી.

(૫) ઉપરોકત અંજાર સીમના રેસ.નં. ૮૬, વાલી વાડી નામે 'કારાણી' ના ૫૦% હિસ્સેદાર સોરઠીયા વિરજી જેઠા ચોટારા પાસેથી સદરહું વાડીનુ ક્ષેત્રફળ એકર ૪-૨૫ ગુંઠા માંથી એકર ૦-૧૫ ગુંઠામાં આવેલ રહેણાંકના મકાનો નવાણ કુવો, કોશ, વિ. ની જમીન ૦-૧૫ ગુંઠા બાદ કરતાં બાકીની જમીન ૪-૧૦ ગુંઠામાનંનો સોરઠીયા વિરજી જેઠા ચોટારાએ પોતાનો ૫૦% હિસ્સો અંજાર સ.ર. કચેરીમાં રજી.નં. ૪૨૫, વધારાની ૧-નંબરની બુકના ૩૪૦-વોલ્યુમનાં ૨૦ થી ૩૩ પૃષ્ઠે રજી.નં. ૪૨૫, તા.૧૬/૦૪/૯૩ ના નોંધાયેલ દસ્તાવેજથી આ જમીનમાંનો ૫૦% હિસ્સો નરેન્દ્ર ચત્રભુજ સોમૈયાએ વેચાણ લેતાં આ રેસ.નં. ૮૬, ની જમીન એકર ૪-૧૦ ગુંઠાના ક્ષેત્રફળ વાલીનાં ૫૦% હિસ્સાના માલિક નરેન્દ્ર ચત્રભુજ સોમૈયા થયેલ.

(૬) ઉપરોકત અંજાર સીમના રે.સ.નં. ૮૬, વાલી વાડી નામે 'કારાણી' ના ૫૦% હિસ્સેદાર સોરઠીયા હિરજી જેઠા ચોટારા પાસેથી સદરહું વાડીનુ ક્ષેત્રફળ એકર ૪-૨૫ ગુંઠા માંથી એકર ૦-૧૫ ગુંઠામાં આવેલ રહેણાંકના મકાનો નવાણ, કુવો, કોશ, વિ. ની જમીન ૦-૧૫ ગુંઠા બાદ કરતાં બાકીની જમીન ૪-૧૦ ગુંઠામાનંનો સોરઠીયા હિરજી જેઠા ચોટારાએ પોતાનો ૫૦% હિસ્સો અંજાર સ.ર. કચેરીમાં રજી.નં. ૭૦૧, વધારાની ૧-નંબર -

કૃપયા પાના નં. : ૩ : જુઓ

N. R. JOSHI
Advocate

N. R. JOSHI Advocate O - 242723 ANJAR-KUTCH

*N.R. Joshi*
B.A. LLB,(Spl.)
Advocate
Gujarat High Court.

Municipal Complex,
Ground Floor,
Shop No. 36,
New Anjar- Kutch
370110
Phone(O.)(02836)- 242723



ની બુકના ૩૪૯-વોલ્યુમનાં ૭૫ થી ૮૮ પૃષ્ઠે રજી.નં. ૭૦૧, તા.૧૯/૦૬/૯૩ ના નોંધાયેલ દસ્તાવેજથી આ જમીનમાંનો ૫૦% હિસ્સો નરેન્દ્ર ચત્રભુજ સોમૈયાએ વેચાણ લેતાં, ઉપરોક્ત રીતે રેસ.નં. ૮૬, ની જમીનના માલિકો વિરા જેઠા ચોટારા તથા હિરજી જેઠા ચોટારા પાસેથી ઉપરોક્ત અલગ-અલગ દસ્તાવેજોથી ૫૦% હિસ્સો વેચાણ આવતાં આ રેસ.નં. ૮૬, ની જમીન એકર ૪-૧૦ ગુંઠાના સંપુર્ણ અને એકમાત્ર માલિક નરેન્દ્ર ચત્રભુજ સોમૈયા થયેલ અને મહેસુલી દફતરે આ ખેતીની જમીન તેઓના હકકે નોંધાયેલ.

(૭) ઉપરોકત રે.સ.નં. ૮૬, ની જમીન એકર ૪-૧૦ ગુંઠા નરેન્દ્ર ચત્રભુજ સોમૈયાએ વેચાણ લીધા બાદ સદરહું જમીનની પશ્ચિમ દક્ષિણ બાજુએ લાગુ તરીકે અંજારનાં રે.સ.નં. ૯૮૪ પૈકી જમીન એકર ૦-૧૩ ગુંઠા મળવા તા.૨૩/૦૯/૧૯૯૩ નાં નાયબ કલેકટરશ્રી અંજારને અરજ કરેલ અને ત્યારબાદ માંગણી વાળી જમીનની માપણી કરાવેલ જેનો નકશો રજુ કરતાં તે જમીન એકર ૦-૧૭ ગુંઠા થયેલ જે મુજબ જમીન એકર ૦-૧૭ ગુંઠાની કબજા કિંમત ભરપાઈ કરવા તમામ કાર્યવાહીનાં અંતે નરેન્દ્ર ચત્રભુજ સોમૈયાને લખતાં તેઓ તરફથી તા.૨૭/૦૫/૯૪ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ગાંધીધામ મધ્યે રૂા.૧૮,૫૯૨/- કબજા કિંમતની રકમ ચલણથી ભરપાઈ કરી અસલ ચલણ તા.૨૭/૦૫/૯૪ વાળું રજુ કરી અને કબજા કિંમતની રકમ ભરપાઈ થયાની જાણ થતાં તે કચેરીના પત્ર નં. જમન-વશી-૨૭૫૬/૯૪, તા.૧૪/૦૬/૯૪, વાલાથી લાગુની જમીન એકર ૦-૧૭ ગુંઠા મંજુર થતાં કુલ જમીન એકર ૪-૧૭ ગુંઠા માલિક નરેન્દ્ર ચત્રભુજ સોમૈયા થયેલ. અને આ અંગે મહેસુલી દફતરે નોંધ નં. ૯૬૫, વાલી પાડવામાં આવેલ જે નોંધ સક્ષમ અધિકારીશ્રી ધ્વારા પ્રમાણીત થયેલ છે.

(૮) ઉપરોક્ત વિગતે રે.સ.નં. ૮૬, તથા રે.સ.નં. ૯૮૪ પૈકી બન્નેની મળી કુલ જમીન એકર ૪-૨૭ ગુંઠાના માલિક નરેન્દ્ર ચત્રભુજ સોમૈયા થયેલ અને (કે.જે.પી.) મુજબ અલમ થવા મે.શ્રી ડી.આઈ.એલ.આર.શ્રી ભુજનાં કે.જે.પી. નં. ૧૦૧/૯૭/૯૮, વાળા મુજબ થયેલ દુરષતી નોંધ પાડવામાં આવતાં રે.સ.નં. ૮૬/૨, જમીને એકર ૪-૨૭ ગુંઠા તે હે. ૧-૮૯-૧૯ ના માલિક નરેન્દ્ર ચત્રભુજ સોમૈયા થયેલ અને રે.સ.નં. ૮૬/૨, જમીન એકર ૪-૨૭ ગુંઠા મહેસુલી દફતરે તેઓના હકકે નોંધાયેલ.

(૯) ત્યારબાદ આ રે.સ.નં. ૮૬/૨, ની જમીન એકર ૪-૨૭ ગુંઠા તે ચો.મી. ૧૮૯૧૯ રહેણાંક હેતુ માટે બિનખેતીમાં તબદીલ કરવા તેનો લે-આઉટ પ્લાન તૈયાર કરેલ જે પ્લાનમાં રહેણાંક હેતુના પ્લોટ નં. ૧ થી ૭૫,જેનુ ક્ષેત્રફળ ૧૨૮૬૨-૩૮ ચો.મી. સાર્વજનીક

કૃપયા પાના નં. : ૪ : જુઓ

N. R. JOSHI
Advocate

N. R. JOSHI
Advocate
ANJAR-KUTCH

*N.R. Joshi*
*B.A. LLB,(Spl.)*
*Advocate*
*Gujarat High Court.*

ADVOCATE

*Municipal Complex,*
*Ground Floor,*
*Shop No. 36,*
*New Anjar- Kutch*
*370110*
*Phone(O.)(02836)- 242723*



પ્લોટનુ ક્ષેત્રફળ ૧૮૯૧-૯૮ ચો.મી. તથા આંતરીક રસ્તાનુ ક્ષેત્રફળ ૪૧૬૪-૬૮ ચો.મી.તે રીતેની કુલ જમીન ૧૮૯૧૯ ચો.મી. બિનખેતીમાં તબદીલ કરવાનો લે-આઉટ પ્લાન તૈયાર કરેલ જે લે-આઉટ પ્લાન મંજુરી અર્થે અંજાર વિસ્તાર વિકાસ સતા મંડળ પાસે રજુ કરતાં તે કચેરીનાં પત્ર નં.આડા/ ટેક/ ડેવ/વો.૭/૭૪૪૧/૧૨૬૧, તા.૧/૯/૨૦૧૬, વાલાથી લે-આઉટ મંજુર કરવામાં આવેલ અને આ મંજુર થયેલ લે-આઉટ મુજબની જમીન બિનખેતીમાં તબદીલ કરવા કલેકટરશ્રી કચ્છ-ભુજને અરજ કરતાં તે કચેરીમાં તમામ કાર્યવાહીના અંતે રે.સ.નં. ૮૬/૨, ની જમીન ૧૮૯૧૯ ચો.મી. રહેણાંક હેતુ માટે મંજુર થયેલ લે-આઉટ પ્લાન મુજબની બિનખેતીમાં તબદીલ કરી આપવામાં આવેલ અને તે અંગેનો હુકમ નં. જમન/૫/બખપ/કેશ/રજી.નં. ૩૫/૨૦૧૬-૧૭, તા.૨૭/૦૨/૨૦૧૭ વાળા હુકમથી આ જમીન બિનખેતીમાં તબદીલ થયેલ અને તે રીતે આ જમીનના પ્લોટ નં. ૧ થી ૭૫, ની માલિકી નરેન્દ્ર ચત્રભુજ સોમૈયાની થયેલ અને મહેસુલી દફતરે હકકપત્રક નોંધ નં. ૧૪૬૮, થી આ બિનખેતી જમીનનાં તમામ પ્લોટો તેઓના હકકે નોંધાયેલ.

(૧૦) ઉપરોકત બિનખેતીના પ્લોટો પૈકી પ્લોટ નં. **૧ થી ૭૫**, જેનુ કુલ ક્ષેત્રફળ ૧૨૮૬૨-૩૮ ચો.મી. વાલા પ્લોટો નરેન્દ્ર ચત્રભુજ સોમૈયાની માલિકીના તેઓના કબજા ભોગવટા તળેના છે. તેમજ સદરહું પ્લોટો સીટી સર્વે દફતરે તેઓના હકકે નોંધાયેલ છે. તેમજ સદરહું પ્લોટોનાં અંજાર સીટી સર્વે કચેરીનાં સીટ નં. ૧૭૬, છે. તેમજ પ્લોટ નં. ૧, ના સીટી સર્વે નં. ૩૬૯૯/૧, છે. તે રીતે દરેક પ્લોટના સીટી સર્વે નં. ૩૬૯૯, અને ત્યારબાદ જે પ્લોટ નંબર હોય તે તેના સીટી સર્વે નંબર છે. અને દરેક પ્લોટના અલગ-અલગ પ્રો.કાર્ડ છે. તે રીતેની આ મિલ્કત નરેન્દ્ર ચત્રભુજ સોમૈયાની માલિકીની તેમના કબજા-ભોગવટા તળેની છે તેમજ મહેસુલી દફતરે તેઓના હકકે નોંધાયેલ છે.

(૧૧) ઉપરોકત પ્લોટો પૈકી પ્લોટ ન. ૯, ક્ષેત્રફળ ૨૯૧-૫૬ ચો.મી. તથા પ્લોટ નં. ૧૦, ક્ષેત્રફળ ૨૯૫-૧૧ ચો.મી. વાલા આ બન્ને પ્લોટો નરેન્દ્ર ચત્રભુજ સોમૈયાએ સેલફોનીક્ષ કોર્પોરેશનનાં માલિકોને કેશ કેડીટની ફેસીલીટી રૂા.૨,૨૫,૦૦,૦૦૦/- ની મેળવવા માટે આ બે પ્લોટો ધી-ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંક લી. અંજાર શાખા પાસે આ બન્ને પ્લોટોના દસ્તાવેજી આધારો બેંક પાસે તારણમાં મુકેલ છે. જેનુ ટાઈટલ ડીડઝ ડીપોઝીટ કર્યાનુ મેમોરેન્ડમ અંજાર સ.ર. કચેરીમાં રજી.નં. ૨૨૦૦, તા.૪/૪/૨૦૧૭, વાલો બેંકની તરફેણનો કરી આપેલ છે.

(૧૨) ઉપરોકત વિગતે અંજાર સીમનાં રે.સ.નં. ૮૬/૨, ની કુલ જમીન ૧૮૯૧૯ ચો.મી.

કૃપયા પાના નં. : ૫ : જુઓ

N.R. JOSHI
Advocate

*N.R. Joshi*
*B.A. LLB,(Spl.)*
*Advocate*
*Gujarat High Court.*

ADVOCATE

*Municipal Complex,*
*Ground Floor,*
*Shop No. 36,*
*New Anjar- Kutch*
*370110*
*Phone(O.)(02836)- 242723*

---



બિનખેતીમાં તબદીલ થયેલ છે. જેમાં કુલ પ્લોટ નં. ૧ થી ૭૫, પાડવામાં આવેલ છે. તે પ્લોટો પૈકી પ્લોટ નં. ૯ તથા ૧૦, વાલાના આધારો સી.સી. ની ફેસીલીટી માટે તારણમાં મુકેલ છે. જયારે બાકીનાં પ્લોટ નં. ૧ થી ૮, તથા પ્લોટ નં. ૧૧ થી ૭૫, કુલ પ્લોટ નંગ-૭૩, જેનુ કુલ ક્ષેત્રફળ ૧૨૨૭૫-૭૧ ચો.મી. વાલા પ્લોટો નરેન્દ્ર ચત્રભુજ સોમૈયાની માલિકીના તેઓના કબજા ભોગવટા તળેના તથા તમામ પ્રકારના બોજાઓથી રહીત આવેલ છે. તેનુ ટાઈટલ કલીયર છે.

ઉપરોક્ત હકીકતની જાણ પક્ષકારો સાથે રૂબરૂ વાત-ચીતથી તથા નરેન્દ્ર ચત્રભુજ સોમૈયાએ કરી આપેલ સોગંદનામા, તથા દસ્તાવેજી આધારોનાં વાંચનથી, તથા ઉપરોક્ત પ્લોટોની મારા તરફથી અંજાર સબ રજીસ્ટ્રાર કચેરીમાં વર્ષ : ૧૯૯૩ થી ૨૦૧૭ (ચોવીશ વર્ષ)ની તપાસ કરવામાં આવેલ છે,અને તે પરથી આ સર્ટીફીકેટ આપવામાં આવે છે કે-

ઉપરોક્ત રીતેનો કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના શહેર અંજારની સીમના રે.સ.નં. ૮૬/૨, જ.એ. ૪-૨૭ ગુંઠા ખેતીના હેતુમાંથી રહેંણાકના હેતુ માટે બિનખેતીમાં ફેરવી તેમાં પાડવામાં આવેલા જે બીનખેતી જમીનનાં પ્લોટો પૈકી પ્લોટ નં. ૧ થી ૮, તથા ૧૧ થી ૭૫, કુલ પ્લોટ નંગ-૭૩, વાલા પ્લોટો શ્રી નરેન્દ્ર ચત્રભુજ સોમૈયાની માલિકી તળેના છે, અને તમામ પ્રકારનાં બોજાઓથી રહીત કલીયર માર્કેટેબલ ટાઈટલ ધરાવતા આ પ્લોટો છે.

N. R. JOSHI Advocate O-242723 ANJAR-KUTCH

સ્થળ :- અંજાર-(કચ્છ)
તારીખ :- ૧૪/૦૮/૨૦૧૭.

(એન.આર. જોષી)
એડવોકેટ
**N. R. JOSHI**
**Advocate**

બિડાણ : સર્ચ ફી ની રસીદ નં. ૨૦૧૭૦૪૭૦૧૨૨૬૧,
તા. ૧૦/૦૮/૨૦૧૭ વાળી અસલ.